# 5. ગુર્જરીના ગૃહકુંજે

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) 'ગુર્જરીના ગૃહકુંજે' કાવ્યમાં કવિને કેવો અનુભવ નથી થયો?

(A) વસંતમાં કોકિલનો ટહુકો સાંભળ્યો છે.

(B) પહેલી પગલી અહીંથી જ ભરી હતી.

(C) ભરઉનાળે તાપ્યાં અહીં સગડીએ

(D) અમે ભમ્યાં અહીંના ખેતરમાં

2) 'આંખ અમારી ખૂલી અહીં પહેલી' કહીને કવિ શું કહેવા માગે છે?

(A) જન્મથી આંખ બંધ હતી

(B) હવે મોટા થયા એટલે આંખ ખૂલી

(C) બંધુ જ દેખાવા લાગ્યું

(D) અહીં જ જન્મ થયો હતો

3) જીવનની સફળતા-નિષ્ફળતાનો ઉલ્લેખ ક્યાં જોવા મળે છે?

(A) અમે ભમ્યાં અહીંના ખેતરમાં

(B) અહીં શિયાળે તાપ્યાં સગડીએ

(C) જીવનજંગે જગત ભમ્યાં

(D) કોકિલ સૂણી વસંતે

4) જીવનરૂપી યુદ્ધમાં કવિ ક્યાં ભમ્યા હતા?

(A) ભારતમાં

(B) ગુજરાતમાં

(C) જંગલમાં

(D) જગતમાં

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) પ્રારંભના જીવન માટેનો કવિનો અનુભવ શો હતો?

- કવિનો પ્રારંભના જીવન માટેનો પહેલો અનુભવ એ હતો કે પોતાના વતન ગુજરાતની વનરાઈઓમાં એમનો જન્મ થયો. અહીં જ પા પા પગલી માંડી અર્થાત્ બાળપણ વીત્યું. એમના યૌવનની વાદળી પણ અહીં જ વરસી હતી એટલે કે એમનું યૌવન પણ અહીં જ પાંગર્યું હતું.

### 2) 'ગુર્જરીના ગૃહકુંજે' કાવ્યના આધારે કવિનો વતનપ્રેમ વર્ણવો.

- 'ગુર્જરીના ગૃહકુંજે' ગીતમાં કવિનો ઉત્કટ વતનપ્રેમ વ્યક્ત થયો છે. આ જ વતન ગુજરાતની ભૂમિમાં કવિનો જન્મ થયો છે. અહીં જ તેમનું બાળપણ વીત્યું અને યૌવનની વાદળીઓ પણ અહીં જ વરસી. આ વતનમાં જ તેમણે ત્રણેય ઋતુઓનો અનુભવ કર્યો. વતનનાં ખેતરોમાં, ડુંગરોમાં, કોતરોમાં ઘૂમ્યા. નદીઓમાં નાહ્યા. કુદરતના પાનેતરમાં આળોટવાનો આનંદ લીધો. આ વતનને પોતાનાં તન-ધન અને પૌરુષરૂપી પ્રાણ સમર્પિત કર્યા. વિશ્વરૂપી વાડીને સુફલિત કરવા કવિએ નસનસથી જીવનરસ સિંચ્યો. આ વતનમાં જ આનંદ-કલ્લોલ કર્યો; અનેક સુખદુ:ખમાંથી પસાર થયા. સમગ્ર દુનિયામાં ફરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, પણ પોતાના વતન જેવું સુખ ક્યાંય મળ્યું નથી. ગમે ત્યાં ગયા, પણ કવિ જન્મભૂમિની માયાને ક્યારેય ભૂલ્યા નથી.

  આમ, કાવ્યની દરેક પંક્તિમાં કવિનો અપાર વતનપ્રેમ છલકાય છે.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) તમારા બાળપણનો એકાદ અનુભવ તમારા શબ્દોમાં લખો.

- જ્યારે હું ધોરણ સાતમાં અભ્યાસ કરતો હતો ત્યારની આ વાત છે. શાળામાં મારી જ પાટલી પર બેસતા મારા જિગરી મિત્ર રાકેશે દિવાળીના વેકેશનમાં મને મારા ભાઈબહેન અને માતાપિતા સાથે તેના ગામ આવવાનું આમંત્રણ આપ્યું હતું.

  કુદરતના ખોળે, શેત્રુંજી નદીના કાંઠે વસેલા નાની રાજસ્થળી ગામનું પ્રકૃતિસૌંદર્ય અદ્ભુત છે. સવારે આઠ વાગ્યે અમે રાકેશના ઘરે પહોંચ્યા. ત્યાંથી અમારા બંને પરિવાર તેમના ખેતરે પહોંચ્યા. ખેતરમાં કપાસ અને મગફળીનો લીલોછમ પાક લહેરાતો હતો. શેઢા પર તુવેર વાવેલી હતી. સીતાફળી અને જામફળી પર કાચાં અને પાકાં ફળો લટકતાં હતાં. કપાસ અને મગફળીના ચાસમાં અમુક જગ્યાએ ચીભડાંનાં વેલા હતાં. ત્યાં એક કૂવો હતો. રાકેશના દાદાજીના કહેવા મુજબ તેમાં ક્યારેય પાણી ખૂટતું ન હતું. તેમણે ખેતરમાં પાકને પાણી પાવા માટે ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી હતી. કૂવામાંથી નીકળતું પાણી એક મોટા હોજમાં ભેગું થતું હતું અને ત્યાંથી પાઇપ દ્વારા ખેતરમાં પહોંચતું હતું. પાણી હૂંફાળું હોવાથી અમે તેમાં નહાવાનો ભરપૂર આનંદ માણ્યો. નહાયા બાદ અમને કકડીને ભૂખ લાગી. રાકેશના પિતાજીએ સૌ માટે

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મગફળી શેકતા હતા. આ ગરમ ગરમ ઓળા ખાવાની ખૂબ મજા પડી. ત્યાર બાદ મધુરાં સીતાફળ અને જામફળનો આસ્વાદ માણ્યો. બપોરે એક વાગ્યે અમે સૌએ ખેતરમાં જ ભોજન લીધું. ત્યાર બાદ વૃક્ષો નીચે ખાટલા ઢાળેલા હતાં ત્યાં થોડો આરામ કર્યો. ત્રણેક વાગ્યે અમે ગામમાં વહેતી શેત્રુંજી નદી પર બાંધવામાં આવેલો ડેમ જોવા ગયા. અમને ખૂબ મજા પડી.

શહેરના કોંક્રિટના જંગલો છોડીને કુદરતના ખોળે વિહરવાનો આનંદ અનેરો હોય છે એનો અમને અનુભવ થયો.

2) 'ગુર્જરીના ગૃહકુંજે' કાવ્યને આધારે ગુજરાતનું ગૌરવ દર્શાવતા મુદ્દા લખો.

- કાવ્યની પ્રથમ પંક્તિ 'ગુર્જરીના ગૃહ કુંજે અમારું જીવન ગુંજે ગુંજે' થી ગુજરાતના ગૌરવની ગાથા શરૂ થાય છે. કવિની જન્મભૂમિ ગુજરાત છે. ગુજરાતનું સૃષ્ટિસૌંદર્ય ખરેખર મનભાવન છે. શિયાળામાં સળગતાં તાપણાં ઠંડીમાં ઉષ્મા આપે છે. વસંતઋતુમાં કોકિલના ટહુકાથી સૃષ્ટિ ગાજી ઊઠે છે. અષાઢ મહિનામાં વાદળોની ગાજવીજ સંભળાય છે. કુદરતે ગુજરાતને ખેતરો, ડુંગરો, કોતરો અને નદીઓથી શણગાર્યું છે. કુદરત જાણે પાનેતરમાં શોભી રહી છે. ગુજરાત અર્થાત્ વતનની માયાનો મમતાળુ સ્પર્શ જ માનવીને જીવન જીવવાનો સહિયારો આપે છે. આ છે ગૌરવવંતી ગુજરાત.

4. નીચેની કાવ્યપંક્તિઓ સમજાવો :

આંખ અમારી ખૂલી અહીં પહેલી
પગલી ભરી અહીં પહેલી
અહીં અમારાં યૌવન કેરી વાદળીઓ વરસેલી.

- કવિનો જન્મ એમની જન્મભૂમિ ગુજરાતમાં થયો. તેમણે જન્મ બાદ સૌપ્રથમ આંખો ખોલીને ચારે બાજુ જોયું એ ભૂમિ ગૌરવવંતી ગુજરાતની છે. અહીં જ એમણે પહેલી પગલી ભરી, અહીં જ એમનું શૈશવ વીત્યું. કવિ રૂપક અલંકાર દ્વારા યૌવનને વાદળી કહે છે. જેમ વાદળી વરસે અને અનાજ પાકે એમ કવિનું યૌવન ખીલ્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in